# ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં કમળ ખીલશે

## મોદીના નેતૃત્વમાં ભાજપ સ્થિતિ દિનપ્રતિદિન વધુ મજબૂત કોંગ્રેસની રિકવરીના કોઈ સંકેત હાલમાં દેખાઈ રહ્યા નથી

નવી દિલ્હી,તા.૨૩

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે જો લોકસભાની ચૂંટણી તાજેતરમાં જ યોજાઈ જાય તો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને છતીસગઢમાં ભાજપ જોરદાર સપાટો બોલાવશે અને કોંગ્રેસની મત હિસ્સેદારી ૨૦૦૯ની સરખામણીમાં ખૂબ જ ઘટી જશે. જ્યારે ભાજપ તેની સ્થિતિને ખૂબ જ મજબૂત બનાવશે. સીએનએન-આઈબીએન ચેનલ માટે સેન્ટર ફોર સ્ટડી ઓફ ડેવલોપીંગ સોસાયટી દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપની તરફેણમાં વાતાવરણ રહેલું છે. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના ગઠબંધન ૨૫-૩૩ લોકસભા બેઠકજીતી શકે છે જે આગામી સરકારની રચના કરવા માટે એનડીએ માટે ખૂબ જ શાનદાર સ્થિતિ હોઈ શકે છે.

સીએસડીએસનું કહેવું છે કે ભાજપ ગુજરાતમાં ૨૦-૨૫ બેઠકો જીતી શકે છે જે રાજ્યોમાં તમામ લોકસભા મત વિસ્તારમાં ક્લીનસ્વીપના નરેન્દ્ર મોદીના ટાર્ગેટને પૂર્ણ કરવામાં સક્ષમ છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે આ સ્થિતિ ખૂબ જ શાનદાર દેખાઈ રહી છે. સર્વેમાં નિર્દેશ મળે છે કે કોંગ્રેસની ડિસેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી બાદ પણ સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી. મોદીની દાવેદારી ભાજપ માટે ખૂબ જ મજબૂત રીતે ઊભરી આવી છે. મોદીના કારણે ભાજપના નેટવર્કમાં વધુને વધુ લોકો આગળ આવી રહ્યા છે. કોંગ્રેસ ૧-૪ બેઠકો જીતી શકે છે. બીજીબાજુ મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ ૨૫-૩૩ લોકસભા બેઠક જીતી શકે છે જે આગામી સરકારની રચના કરવા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. જ્યારે કોંગ્રેસને ૧૨-૨૦ બેઠકો મળી શકે છે. આ સંકેત આપે છે કે કોંગ્રેસની ગણતરી ઘટી રહી છે. મહારાષ્ટ્રમાં પણ તેની હાલત કફોડી

● અનુસંધાન પાના - ૭ પર

પ્રકૃતિ મનુષ્યને અમુક ઊંચાઇ સુધી લાવીને છોડી દે... એ પછીની આગળની યાત્રા તો માણસે જાતે જ કરવી પડે છે
- રજનીશ


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૩ | ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪, શુક્રવાર; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઉચ્ચ શિક્ષણ સરળ બનાવવા સહચિંતન

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યજમાનપદે ગાંધીનગરમાં આરંભાયેલ ઉપકુલપતિ પરિષદના પ્રથમ દિવસે ઉચ્ચ શિક્ષણ સંદર્ભે ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરાઈ





ગાંધીનગર, તા.૨૩

ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થી માટે યોગ્ય દિશામાં ફળશ્રુતિ વાળું બનાવવાનાં પ્રયત્નોનાં ભાગરૂપે આજથી પ્રારંભ થયો છે. જેમાં શિક્ષામાં સુધારાના અન્વયે ઉચ્ચ શિક્ષણની સમસ્યાઓ ઉપર એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઓ દ્વારા બે દિવસીય કોન્ફરન્સ કડી યુનિવર્સિટીના યજમાન પદે યોજાઈ રહ્યો છે. જેનાં આજે પ્રથમ દિવસે દેશની ૪૫થી વધુ યુનિવર્સિટીના કુલપતિઓ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજુ કર્યા હતા.


વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણ સરળ બનતા વિદ્યાર્થી લાયકાત મેળવે છે પરંતુ લાયકાત મુજબ જ્ઞાનનો અભાવ રહેતા તેની યોગ્ય ફળશ્રુતિ વિદ્યાર્થીને અને સમાજને મળતી નથી. ઉચ્ચ શિક્ષણ માત્ર લાયકતવાળું નહીં પરંતુ ખરા અર્થમાં ભાવિ જીવન ઘડનારૂ બની રહે તે જરૂરી છે. તેમ એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીના જોઈન્ટ સેક્રેટરી સેમસંગ ડેવિડે જણાવ્યું છે. ઉચ્ચ શિક્ષણમાં રહેલી સમસ્યાનો યોગ્ય દિશામાં ઉકેલ લાવવામાં આવે તેમજ શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને વેકેશન ટ્રેનીંગ આપવામાં આવે તો જ ઉચ્ચ શિક્ષણ મેળવવું વિદ્યાર્થી માટે સાર્થક બની રહેશે. રીજ્યુવેશન ઓફ હાયર એજ્યુકેશન વિષય ઉપર એસોસીએસન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી દ્વારા બે દિવસીય કોન્ફરન્સ કડી વિશ્વ વિદ્યાલયના યજમાન પદે કેમ્બે હોટલ સેક્ટર-૨૫ ખાતે પ્રારંભ થયો છે.

કોન્ફરન્સમાં વેસ્ટ ઝોનની ૪૫ યુનિવર્સિટીના કુલપતિઓ હાજરી આપી રહ્યા છે. આજથી શરૂ થયેલી આ સેમીનારનું સમાપન આવતીકાલે થશે. આ કોન્ફરન્સમાં એનસીટીઈના ચેરમેન ડો. સંતોષ પાન્ડા ઉચ્ચ શિક્ષણની સમસ્યાઓ, શિક્ષકનું શિક્ષણ અને તેના ઉપાયો ઉપર વ્યક્ત આપ્યું હતું. રોલ ઓફ રીસર્ચ વિષય ઉપર નિમ્ન યુનિ. મુંબઈના ફાર્મસી કોલેજના ડાયરેક્ટર પી.જી. શ્રોત્રિય તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ હરીશ પાઢ જ્યારે રોલ ઓફ ડિસ્ટન્સ એજ્યુકેશન એન્ડ યુઝ ઓફ આઈસીટી પર ઈગ્નુના ડાયરેક્ટર આર.પી. સિંઘ પોતાના વિચારો રજુ કરશે. કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ટી.ડી. કાપડીયા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર જયંતિ રાવ, એસોસીએસન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીના જનરલ સેક્રેટરી ડી.એસ. ચૌહાણ, પ્રમુખ ડો. આર.બી. લાલ, સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## NEWS બિટ્સ

### અમિતાભ બચ્ચન કબડ્ડીની ટીમ ખરીદશે

ભારતની દેશી રમત કબડ્ડીને વધુ લોકપ્રિય બનાવવા



આઈપીએલની માફક કબડ્ડી પ્રીમિયર લીગ (કેપીએલ)ની શરૂઆત થઈ છે. પટનામાં આયોજિત ૬૧મી સીનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશીપના પ્રદર્શનને આધારે ખેલાડીઓની બેઝ પ્રાઈઝ નક્કી થશે. કેપીએલની ટીમ ફ્રેન્ચાઈઝીની બોલી લગાવવામાં મહાનાયક અમિતાભ બચ્ચનની કંપની એ.બી. કોર્પ સહિત ૧૬ કંપનીઓ ભાગ લેવાની છે.

### સ્માર્ટ પડદા પ્રકાશ મુજબ હલનચલન કરશે

વૈજ્ઞાનિકોએ નવા પ્રકારના સ્માર્ટ પડદા વિકસાવ્યા છે જે



પ્રકાશના પ્રમાણ મુજબ બેટરી વિના હલનચલન કરશે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાની ટીમે કાબેલ નેનો ટ્યુબ્સ એટમ્સથી ભરેલા જાડા રોલ પ્લાસ્ટિક પોલી કાર્બોનેટ મેમ્બરેનમાંથી એક પદાર્થ બનાવ્યો છે. જે પ્રકાશની વધઘટ પ્રમાણે હલનચલન કરે છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧


# ગાંધીનગરમાં સાતમીએ પંચાયતી ગોળમેજી બેઠક

## જિલ્લા પંચાયત-પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી, વિકાસ કમિશનર, સરકારના પંચાયત વિભાગના અધિકારીઓ સાથે પંચાયત મંત્રીની બેઠક : નવી જિલ્લા પંચાયતોની રચના : પંચાયતી રાજના વહીવટીય રિસ્ટ્રક્ચરીંગ સહિતના અનેક વિધ મુદ્દાઓની ચર્ચા થશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી સાતમી ફેબ્રુઆરીના રોજ રાજ્યના પંચાયત મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક સંયુક્ત બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે બોલાવી છે.

રાજ્યમાં નવી સરકારની રચના બાદ પહેલીવાર પંચાયત પ્રમુખો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાઈ રહી છે. અગાઉ આ બેઠક યોજવાની જાહેરાત થઈ હતી પરંતુ છેલ્લી ઘડીએ તે રદ કરવામાં આવી હતી. હવે સાતમી ફેબ્રુઆરીએ આ બેઠક પુનઃ બોલાવવામાં આવી છે.

સાતમીએ મળનારી આ બેઠકમાં આરંભપૂર્વે વિકાસ કમિશ્નરશ્રી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સાથે અલગથી બેઠક કરી ૧૫ થી પણ વધુ મુદ્દાઓની સમીક્ષા કરશે. સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી આ સમીક્ષા બેઠક ચાલશે અને ત્યારબાદ ૧૨.૩૦ વાગ્યાથી પંચાયત પ્રમુખશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની સંયુક્ત બેઠક પંચાયત મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને શરૂ થશે.

મળતી વિગતો મુજબ આ સમીક્ષા બેઠકમાં e-accountમાં સિસ્ટમ, આવાસ યોજનાઓ, ગ્રામ સ્વચ્છતા અભિયાન, વેબસાઈટોના અપગ્રેડેશન, યોજનાકીય લક્ષ્યાંકો-ખર્ચ, પંચાયતની વિવિધ શાખાઓના વિલીનીકરણની ગંભીર ચર્ચાઓ થશે.

રાજ્ય સરકારે દરેક જિલ્લા પંચાયત પાસેથી પંચાયતની ખાલી પડેલી જગ્યાઓ પછી કાર્યભારની સમીક્ષા કરી વિવિધ શાખાઓમાં ઉપલબ્ધ કર્મચારીઓની સંખ્યા ધ્યાને રાખી વહીવટીય કાર્યભારણનું વિતરણ કેવી રીતે થઈ શકે તે માટે અલાયદો અહેવાલ માંગ્યો છે.

રાજ્યની વિવિધ પંચાયતોમાં આ વર્ષે નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યા ઘણી મોટી છે તેમજ જે રીતે નવી ભરતી થઈ નથી તેને ધ્યાને રાખી વહીવટીતંત્ર પર વધુ વિપરીત અસરો ના પડે તેની વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. ખાલી જગ્યાઓ અંગે અગાઉ વિગતો માંગવામાં આવી હતી, સરકારે તેને ગ્રાહ્ય રાખી પાંચ વર્ષમાં ભરતી કરવાનું આયોજન પણ તૈયાર કર્યું હતું. પરંતુ પરિસ્થિતિ ઘણી બદલાતાં હવે નવેસરથી વિચારણા કરવાની ફરજ પડી છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સમીક્ષા બેઠકમાં આ મુદ્દો છવાયેલો રહેશે એટલું જ નહિ ઈ.ગ્રામની સેવાઓના સુદઢીકરણની વાત પણ અગ્ર સ્થાને રહેશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયતોની આવકના સ્રોત સિમીત હોવાથી પંચાયતોના સ્વભંડોળ પણ ધીમે ધીમે ખત્મ જવા તરફ જઈ રહ્યો છે. આ સંજોગોમાં આવકના સ્રોતો અંગે પણ સમીક્ષા બેઠકમાં ચર્ચાઓ થશે.

રાજ્યમાં જિલ્લાઓની પુનઃ રચના થયા બાદ નવા જિલ્લાઓમાં હજુ પંચાયતોની રચના થઈ શકી નથી તેવા વિપરીત સંજોગોમાં સરકાર કઈ રીતે આગળ વધવા માગે છે તે અભિગમના નિદ્રેશ આ બેઠકમાં મળશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયતોના વહીવટને પારદર્શી બનાવવા માટે દ્વિ નોંધી હિસાબ પદ્ધતિ અમલી બનાવ્યા બાદ હવે ઈ.એકાઉન્ટીંગ સિસ્ટમનો પ્રયોગ પણ સરકાર અપનાવવા જઈ રહી છે તેની ચર્ચાઓ બેઠકમાં થનાર છે.

રાજ્ય સરકારે અમલી બનાવેલ રૂર્બન પ્રોજેક્ટને લઈ પણ સમીક્ષા થનાર છે તેમજ ડી.ડી.ઓ.ના પી.એસ. એકાઉન્ટસ્‌ને લઈ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કોઈ મહત્વના નિર્દેશો આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# પંચાયતમાં સામુહિક બદલી બઢતીનો ગંજીફો ચીપાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના ચાર જુનિયર ક્લાર્કને સિનીયર ક્લાર્ક તરીકે બઢતી આપી ૩ સિનીયર ક્લાર્કની અને બે જુનિયર ક્લાર્કની બદલી કરતા હુકમો આજે જારી કર્યા છે.

આજે જારી કરાયેલા બઢતીના હુકમોમાં શ્રી જે.વી. પરમાર, શ્રી પી.કે. મહેતા, શ્રી પી.આર. રાઓલ તથા શ્રી એમ. એસ. પાટડિયાનો સમાવેશ થાય છે. શ્રી જે.વી. પરમારની બદલી પણ બઢતી સાથે કરવામાં આવી છે અને તેમને માણસા તાલુકા પંચાયતમાં નિમણુંક અપાઈ છે.

આ ઉપરાંત ત્રણ સિનીયર ક્લાર્કની બદલી કરાઈ છે તેમાં એલ.ડી. દલવાણીને બ્લોક હેલ્થ

● અનુસંધાન પાના - ૭ પર


મકાન ભાડે આપવાનું છે
૪૦, શ્રીરંગ ઈન્કલેવમાં,
રાયસણ પેટ્રોલ પંપની બાજુમાં,
4 BHK બંગ્લોઝ
મો. : ૯૯૨૫૨૭૭૬૪૨





